RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 216* Date: 03.06.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સાજા થતા દર્દીઓ વધતા એક્ટિવ કેસ ૨૦ લાખની અંદર પહોંચ્યા

# ભારતમાં કોરોનાના વધુ ૧.૩૨ લાખ કેસ, મૃત્યુઆંક ૩૦૦૦ને પાર

**દેશમાં વધુ ૧.૩૨ નવા કેસ નોંધાતા ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૮૩,૦૭,૮૩૨ થઈ ગઈ છે. વધુ ૩.૨૦૭ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૩,૩૫,૧૦૨ થઈ ગયો**



ન્યુ દિલ્હી,તા.૨

ભારતમાં કોરોનાના કેસનો આંકડો હવે કાબૂમાં આવતો દેખાઈ રહ્યો છે પરંતુ ગઈકાલની સરખામણીમાં નવા કેસ અને કોરોનાથી થયેલા મૃત્યુઆંકમાં વધારો નોંધાયો છે. ગઈકાલે કોરોનાના કેસ ૧.૩૦ લાખની અંદર પહોંચ્યા હતા અને મૃત્યુઆંક ૩૦૦૦થી ઓછો નોંધાયો હતો, જોકે, પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા આંકડામાં તેમાં વધારો થયો છે. કોરોનાના દર્દીઓ ઘટતા હોસ્પિટલો પરથી હાઉસફૂલના પાટિયા ઉતરવાના શરુ થઈ ગયા છે અને ઓક્સિજનની અછતનું પણ સમાધાન થઈ રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે મંગળવારે કોરોનાના વધુ ૧,૩૨,૭૮૮ કેસ નોંધાયા છે, જ્યારે ૩,૨૦૭ દર્દીઓએ એક દિવસમાં જીવ ગુમાવ્યો છે. આ પહેલા સોમવારે નવા કેસની સંખ્યા ૧.૨૭ લાખ રહી હતી અને મૃત્યુઆંક ૨,૭૯૫ નોંધાયો હતો. ૨૪ કલાકમાં વધુ ૨,૩૧,૪૫૬ લોકો કોરોનાને હરાવીને સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૬૧,૭૯,૦૮૫ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાને હરાવનારા દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવાથી અને નવા કેસમાં ઘટાડો થતા એક્ટિવ કેસનો આંકડો પણ નીચો આવી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ દેશમાં હાલ ૧૭,૯૩,૬૪૫ એક્ટિવ કેસ છે. ૨૪ કલાકમાં દેશમાં વધુ ૧.૩૨ નવા કેસ નોંધાતા ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૮૩,૦૭,૮૩૨ થઈ ગઈ છે. વધુ ૩.૨૦૭ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૩,૩૫,૧૦૨ થઈ ગયો છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોના રસીકરણ અભિયાન શરુ થયું હતું જેમાં મંગવાર સુધીમાં કુલ ૨૧,૮૫,૪૬,૬૬૭ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ દેશમાં કોરોના ટેસ્ટ માટે કુલ ૩૫,૦૦,૫૭,૩૩૦ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાં મંગળવારે ૨૦,૧૯,૭૭૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી.

### કેન્દ્ર સરકારના નિર્ણય બાદ રૂપાણી સરકારનો યુ-ટર્ન

## ટાઈમટેબલ જાહેર કર્યાના ૨૪ કલાકમાં જ ધો.૧૨ની પરીક્ષા રદ

**ધો.૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહના ૬ લાખ ૯૨ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ થઈ**

*ગાંધીનગર,તા.૨*

મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલ કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને CBSEની ધોરણ-૧૨ની પરીક્ષાને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. જેના પગલે ગુજરાત સરકારે પણ GSEBની ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. ધોરણ-૧૨ અને ૧૦ના રીપિટર મળીને ૧૦ લાખની વધુ વિદ્યાર્થીઓ ફક્ત એક મહિના પછી કોરોના માહોલ વચ્ચે પરીક્ષા કેવી રીતે આપશે તે સવાલ ઉભો થયો હતો. ત્યારે કેન્દ્ર સરકારના તર્જ પર રાજ્ય સરકારે પણ ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ની ૧ જુલાઈથી લેવાનારી પરીક્ષા રદ કરી દીધી છે.

ગુજરાતમાં ધો.૧૨ સાયન્સના ૧.૪૦ લાખ અને સામાન્ય પ્રવાહના ૫.૫૨ લાખ મળીને ૬.૯૨ લાખ વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરે છે.

જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે આગામી સમયમાં લેવાનારી CBSEની પરીક્ષાને કોરોનાના ખતરાને ધ્યાનમાં રાખીને જ રદ કરી હતી. પરંતુ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડએ મંગળવારે જ ૧ જુલાઈથી ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના રીપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જો કે, ત્યારબાદ કેન્દ્ર સરકારે CBSEની પરીક્ષો રદ કરતા રાજ્ય સરકાર અસમંજસમાં મુકાઈ ગઈ હતી. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના વ્યાપક આરોગ્ય હિતમાં CBSEની ધોરણ-૧૨ની પરીક્ષાઓ આ વર્ષે નહીં યોજવાની જાહેરાત કરી હતી. સીએમ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરીને રાજ્ય સરકારે વડાપ્રધાનના આ નિર્ણયના સમર્થનમાં ગુજરાતમાં પણ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ની આ વર્ષે યોજાનારી પરીક્ષાઓ રદ કરવાનો એટલે કે નહિ યોજવાનો નિર્ણય કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ બોર્ડની પરીક્ષાઓ અંગેની હવે પછીની આગળની કાર્યવાહી રાજ્ય સરકાર ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ કરશે. શિક્ષણમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આગામી ૭મી જૂનથી શરૂ થઇ રહેલા નવા શૈક્ષણિક સત્રમાં પણ ઓનલાઈન એજ્યુકેશનની પદ્ધતિ પ્રવર્તમાન કોરોના સ્થિતીને અનુલક્ષીને યથાવત રહેશે.પ્રાપ્ત માહિતી પ્રમાણે વડાપ્રધાન મોદીએ બાળકોના હિતમાં CBSEની પરીક્ષા રદ કરવાના લીધેલા નિર્ણય બાદ ગઈકાલ રાતથી ગુજરાતનો શિક્ષણ વિભાગ અને શિક્ષણ બોર્ડ કામે લાગી ગયું હતું. કારણે કે, ગુજરાત બોર્ડે પરીક્ષાની તારીખો અને કાર્યક્રમ જાહેર કરી લીધા બાદ પીએમે નિર્ણય લીધો હતો. જેના કારણે ટાઈમ ટેબલ જાહેર કર્યા બાદ પરીક્ષા રદ કરવી કે કેમ તે અંગે પ્રશ્નાર્થ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે મોડી રાત સુધી સીએમ, શિક્ષણમંત્રી સહિતના અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાઈ હતી. જેમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ની પરીક્ષા અંગેની ફેર વિચારણા કરવામાં આવી હતી. જ્યારે આજે મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતમાં પણ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૩૩૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૧૨૦૬૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૦૯૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૭૫૯૫૮**

### હજુ પણ વેક્સિનના ૧.૫૭ કરોડ કરતા પણ વધુ ડોઝ ઉપલબ્ધ છે

## જુલાઈ-ઓગસ્ટથી દેશમાં દૈનિક એક કરોડ લોકોનું રસીકરણ: કેન્દ્ર




)ન્યુ દિલ્હી,તા.૨

આ વર્ષની જુલાઈના અંત કે ઑગસ્ટના આરંભથી દેશમાં દૈનિક એક કરોડ લોકોનું રસીકરણ કરી શકાય તેટલી વૅક્સિન ઉપલબ્ધ બનશે, એમ કેન્દ્ર સરકારે મંગળવારે કહ્યું હતું. આગામી સૂચના ન મળે ત્યાં સુધી એક જ વ્યક્તિને જુદી જુદી બે વૅક્સિન આપવી નિયમ વિરુદ્ધ છે એટલે અત્યારે એ પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. પ્રથમ ડૉઝમાં કોવિશિલ્ડ કે કૉવૅક્સિન લેનારને બીજો ડૉઝ પણ અનુક્રમે એ મુજબ જ આપવામાં આવશે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજુ પણ વૅક્સિનના ૧.૫૭ કરોડ કરતા પણ વધુ (૧,૫૭,૭૪,૩૩૧) ડૉઝ ઉપલબ્ધ છે, એમ કેન્દ્રના આરોગ્ય ખાતાએ મંગળવારે કહ્યું હતું. કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વૅક્સિનના ૨૩ કરોડ કરતા પણ વધુ ડૉઝ મફત પૂરા પાડ્યા હોવાનું તેમણે કહ્યું હતું. વૅક્સિનના બગાડ સહિત એમાંથી અત્યાર સુધીમાં ૨૧,૫૧,૪૮,૬૫૯ ડૉઝ વાપરવામાં આવ્યા છે.

દરમિયાન કોરોનાની સારવાર માટેની દવાઓની માગ અને પુરવઠો સમતોલ હોવાનું કેન્દ્રના પ્રધાન ડી. વી. સદાનંદ ગોવડાએ કહ્યું હતું. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્રીય સંસ્થાઓને ૨૧મી એપ્રિલથી ૩૦મી મે સુધીમાં ૯૮.૮૭ લાખ રેમડેસિવિરના વાયલ આપવામાં આવ્યા છે. દવાઓનું ઉત્પાદન માગણી કરતા દસ ગણું વધારવામાં આવ્યું હોવાથી માગ કરતા પુરવઠો વધ્યો છે.

પુરવઠો વધ્યો હોવાથી જૂનના અંત સુધીમાં અમે ૯૧ લાખ વાયલની સપ્લાય કરવા વિશે વિચારી રહ્યા છીએ. સિપ્લાએ ૨૫મી એપ્રિલથી ૩૦મી મે વચ્ચે અન્ય જરૂરી દવા ટૉશિલીઝુમેબના ૪૦૦ એમજીના ૧૧૦૦૦ વાયલ અને ૮૦ એમજીના ૫૦૦૦૦ વાયલની આયાત કરી છે. સ્વાસ્થ્ય મંત્રાલયને ૮૦ એમજીના ૫૦૦૨૪ વાયલ અને ૨૦૦ એમજીના ૧૦૦૦ વાયલ દાનમાં મળ્યા હતા.

એમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યોના ઉત્પાદકોએ મેના પહેલા સપ્તાહમાં ઉત્પાદન કરેલા ૮૧૬૫૧ વાયલ ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્રીય સંસ્થાઓને ૧૧મી મેથી ૩૦મી મે સુધીમાં બ્લૅક ફંગસ માટેની ઍમ્ફોટેરિસીન બીના ૨૭૦૦૬૦ વાયલ આપવામાં આવ્યા હતા.

સરકાર કોવિડને લગતી દવાઓની અછત ન સર્જાય એ માટે નવા અને જૂના ઉત્પાદકો સાથે સતત સંપર્ક સાધીને પુરવઠો ન ઘટે એનું ધ્યાન રાખી રહી છે.

દરમિયાન સરકારે મંગળવારે ચેતવણી આપી હતી કે કોરોના બીમારીની હજુ સુધી બાળકોમાં ગંભીર અસર જોવા નથી મળી છતાં તેમનામાં તેની અસર વધી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

કોરોના વાઈરસના વર્તનમાં કોઈ પરિવર્તન થયેલું જણાઈ આવે તેવી પરિસ્થિતિમાં તેને અંકુશમાં લેવા માટે આપણી પૂરી તૈયારી હોવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

## બાળકોમાં કોરોના બાદ પોસ્ટ કોવિડમાં હાર્ટ, લિવર, કિડનીની બિમારીઓનું જોખમ વધ્યું

ન્યુ દિલ્હી,તા.૨

પોસ્ટ કોવિડ સમસ્યાઓ ફક્ત પુખ્ત ઉંમરના વ્યક્તિઓમાં જ નથી, પરંતુ બાળકોને પણ ઘણી જ પરેશાન કરી રહી છે. પોસ્ટ કોવિડમાં બાળકોને હાર્ટ, લિવર, કિડની, લંગ્સ, બ્રેઈન ફીવર, પેટમાં દુઃખાવાથી જોડાયેલી મુશ્કેલીઓ થઈ રહી છે. તો પુખ્ત વયના લોકોની સરખામણીએ તેમને એડવાન્સ પ્રકારની સારવારની જરૂરિયાત પડી રહી છે. કોરોનાથી રિકવર થયાના લગભગ ૩થી ૪ અઠવાડિયા બાદ બાળકોમાં આ પ્રકારની મુશ્કેલીઓ જોવા મળી રહી છે.સર ગંગારામ હૉસ્પિટલના પીડિયાટ્રિશિયન ડૉ. ધીરેન ગુપ્તા જણાવે છે કે પોસ્ટ કોવિડમાં ઘણા બાળકોને હાર્ટ, લિવર, કિડની અને શરીરના અન્ય ભાગોથી જોડાયેલી સમસ્યાઓ થઈ રહી છે. બાળકોને તાવ આવે છે. તાવના કારણે હાર્ટ, લિવર, કિડની, લંગ્સ, બ્રેઈન સહિત અનેક અંગ પ્રભાવિત થાય છે. આને મલ્ટી સિસ્ટમ ઈન્ફલામેટ્રી સિન્ડ્રોમ કહેવામાં આવે છે. આ મોટાભાગે ૫થી ૧૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે. ડૉ. ગુપ્તાનું કહેવું છે કે આમતો આ એક હજારમાંથી એક બાળકોને હોય છે, પરંતુ જેને થાય છે તેને આઈસીયૂની જરૂરિયાત પડે છે.તેમણે કહ્યું કે, ૫૦ ટકા બાળકો એવા હોય છે જેમને હાર્ટ અને બ્લડ પ્રેશર સંબંધિત સમસ્યાઓ થાય છે. ત્યારબાદ કોઈ બાળકના લંગ્સ તો કોઈનું બ્રેઈન પ્રભાવિત થાય છે. સારી વાત એ છે કે જો સમયસર આની ઓળખ કરી લેવામાં આવે તો બાળકો ઠીક થઈ શકે છે. આનાથી થનારો મૃત્યુદર ઘણો જ ઓછો છે. છેલ્લા ૧૦ દિવસમાં હૉસ્પિટલમાં ૨૫થી ૩૦ બાળકો ભરતી થયા છે. આમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર છે. કેટલાક સામાન્ય છે. તેમનું કહેવું છે કે આ સ્થિતિ એલાર્મિંગ છે, પરંતુ ગભરાવાની વાત નથી.

ડૉ. ગુપ્તાનું કહેવું છે કે, ગત વર્ષે તેમણે મલ્ટી સિસ્ટમ ઈંફલામેટ્રી સિન્ડ્રોમના ૧૨૦ બાળકોની સારવાર કરી હતી, જેમાંથી ફક્ત એક બાળકનું મોત થયું હતુ, બાકીના તમામ રિકવર થઈને ઘરે ગયા હતા. આમાં મૃત્યુદર ૧૦ ટકા અથવા તેનાથી પણ ઓછો છે. જે બાળકમાં આ સિન્ડ્રોમ હોય છે તેને પુખ્ત ઉંમરના વ્યક્તિઓની સરખામણીએ એડવાન્સ સારવારની જરૂરિયાત હોય છે.

## કોરોનાની બીજી લહેરમાં ૫૯૪ ડોક્ટરના મોત નિપજ્યા

ન્યુ દિલ્હી,તા.૨


ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અનુસાર, કોરોનાની બીજી લહેરમાં ૫૯૪ ડૉક્ટરના મોત થયા છે. સૌથી વધુ મોત દિલ્હીમાં થયા છે જ્યા ૧૦૭ ડૉક્ટરોનો જીવ ગયો છે. બિહારમાં ૯૬, ઉત્તર પ્રદેશમાં ૬૭, રાજસ્થાનમાં ૪૩ ડોક્ટરના મોત થયા છે. જ્યારે ગુજરાતમાં ૩૧ ડૉક્ટરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આઈએમએના સ્ટેટ વાઈઝ આંકડા જણાવે છે કે કોવિડ-૧૯ની બીજી લહેરમાં મૃતકોમાં વધુ દિલ્હી, બિહાર અથવા ઉત્તર પ્રદેશના ડૉક્ટર હતા. બીજી લહેરમાં મરનારા ડૉક્ટરોમાં આ ત્રણેય રાજ્યોની ભાગીદારી ૪૫ ટકા છે. આઈએમએના આંકડાના હિસાબથી ગત વર્ષે મહામારી શરૂ થયા બાદથી કોવિડ-૧૯થી લડતા લગભગ ૧,૩૦૦ ડૉક્ટરના મોત થયા છે.

જેમાં સૌથી વધુ ડૉક્ટરોના મોત દિલ્હીમાં થયા છે. દિલ્હી બાદ બિહારમાં ૯૬ ડૉક્ટરોની મોત સાથે બિહાર બીજા નંબર પર છે અને ત્રીજા સ્થાન પર ઉત્તર પ્રદેશ છે. યુપીમાં બીજી લહેરની શરૂઆતથી અત્યાર સુધી ૬૭ ડૉક્ટરના મોત થઇ ચુક્યા છે.આંધ્ર પ્રદેશમાં ૩૨, ગુજરાતમાં ૩૧ ડૉક્ટર, ઝારખંડમાં ૩૯, મહારાષ્ટ્રમાં ૧૭, ઓરિસ્સામાં ૨૨, તેલંગાણામાં ૨૨, પશ્ચિમ બંગાળમાં ૨૫, આસામમાં ૮, જમ્મુ કાશ્મીરમાં ૩ ડૉક્ટરના મોત થયા છે. બીજી તરફ દેશમાં કોરોનાના કેસ ઘટતા જઈ રહ્યા છે. ૨૮ એપ્રિલથી ૪ મે વચ્ચે દેશમાં ૫૩૧ એવા જિલ્લા હતા જયા દરરોજ ૧૦૦થી વધુ કેસ દર્જ કરવામાં આવી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# સુરક્ષા સાથે સંબંધિત અધિકારીઓ મંજૂરી વગર માહિતી લિક કરશે તો પેન્શન કપાશે




***કેન્દ્રએ સિવિલ સેવકો માટે પેન્શનના નિયમોમાં સંશોધન કર્યું છે. હવેથી ગુપ્તચર કે સુરક્ષા સાથે સંબંધિત સંગઠનોથી સેવાનિવૃત્ત થયેલા અધિકારીઓ મંજૂરી વગર કોઈ પણ સામગ્રી પ્રકાશિત નહીં કરી શકે. જો તેઓ મંજૂરી વગર કશું પ્રકાશિત કરશે તો તેમનું પેન્શન રોકી દેવામાં આવશે. સરકારે દેશની આંતરિક સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો.***

***નવા સંશોધન પ્રમાણે હવે કોઈ પણ સુરક્ષા કે ગુપ્તચર સાથે સંબંધિત સંગઠનના અધિકારીઓએ એક અન્ડરટેકિંગ આપવું પડશે કે તેઓ સેવામાં હોય ત્યારે કે સેવાનિવૃત્તિ બાદ સંગઠન સાથે સંબંધિત કોઈ પણ જાણકારી પ્રકાશિત નહીં કરે, કોઈ પણ સામગ્રી પ્રકાશિત કરવા માટે તેમણે પૂર્વ મંજૂરી લેવી પડશે.***

***સંશોધિત નિયમો પ્રમાણે જો સેવાનિવૃત્તિ બાદ અધિકારી મંજૂરી વગર કશું લખશે તો તેનું પેન્શન અટકાવી શકાશે. તેમણે કશું લખતા પહેલા મંજૂરી લેવી પડશે. સક્ષમ અધિકારીને આ નિર્ણય લેવાનો અધિકાર હશે કે પ્રકાશન માટે પ્રસ્તાવિત સામગ્રી સંવેદનશીલ છે કે અસંવેદનશીલ છે અને શું તે સંગઠનના ક્ષેત્રાધિકારમાં આવે છે.***

***શું છે નવો કાયદો***

***કેન્દ્રીય સિવિલ સેવા (પેન્શન) નિયમ, ૧૯૭૨માં સંશોધન કરીને ડીઓપીટી દ્વારા એક ક્લોજ જોડવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, સેવાનિવૃત્તિ પર આરટીઆઈ અધિનિયમની બીજી યાદીમાં મેન્શન થયેલા સંગઠનોમાં કામ કરનારાઓનેઓર્ગેનાઈઝેશનના પ્રમુખની પૂર્વ મંજૂરી વગર સંગઠનના ડોમેન સાથે સંબંધિત કશું પણ પ્રકાશિત કરવાની મંજૂરી નહીં આપવામાં આવે.***

***આ સંગઠનના કર્મીઓ પર લાગુ થશે નિયમ***

***ઈન્ટેલિજન્સ બ્યુરો, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ, રાજસ્વ ગુપ્તચર નિદેશાલય, સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટેલિજન્સ બ્યુરો, પ્રવર્તન નિદેશાલય, નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો, એવિએશન રિસર્ચ સેન્ટર, સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ, સીમા સુરક્ષા દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળ, ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ, નેશનલ સિક્યોરિટી ગાર્ડ, આસામ રાઈફલ્સ, સશસ્ત્ર સીમા બળ, સ્પેશિયલ બ્રાન્ચ (સીઆઈડી), આંદામાન અને નિકોબાર , ક્રાઈમ બ્રાંચ-સીઆઈડી-સીબી, દાદરા અને નગર હવેલી, સ્પેશિયલ બ્રાંચ, લક્ષદ્વીપ પોલીસ, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન, બોર્ડર રોડ ડેવલપમેન્ટ બોર્ડ અને ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ અને સીબીઆઈ.***

# ૨૦૨૨માં પાંચ રાજ્યમાં સમયસર ચૂંટણી યોજીશું: ચૂંટણીપંચ

ન્યુ દિલ્હી,તા.૨

૨૦૨૨માં પાંચ રાજ્યમાં સમયસર ચૂંટણી યોજવાનો વિશ્ર્વાસ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ દર્શાવ્યો હતો.

માર્ચ ૨૦૨૨માં ચાર રાજ્ય - ગોવા, મણીપુર, પંજાબ અને ઉત્તરાખંડ તથા મે ૨૦૨૨માં ઉત્તર પ્રદેશમાં હાલની વિધાનસભાની પાંચ વર્ષની મુદત પૂરી થવાની છે.

ચંદ્રાએ જણાવ્યું હતું કે બિહાર, પશ્ર્ચિમ બંગાળ અને અન્ય ચાર રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી વખતે અમે ઘણો અનુભવ મેળવ્યો છે. ચૂંટણી યોજવી એ ચૂંટણીપંચની મુખ્ય ફરજ છે. આવતા વર્ષે પાંચ રાજ્યમાં વિધાનસભાની મુદત પૂરી થાય એ અગાઉ અમે સમયસર ચૂંટણી યોજીને ચૂંટણીમાં જીતનારા ઉમેદવારની યાદી રાજ્યપાલોને સોંપી શકીશું એવો અમને વિશ્ર્વાસ છે.

કોરોનાની બીજી લહેરને ધ્યાનમાં રાખીને શું તેઓ પાંચ રાજ્યમાં ચૂંટણી યોજી શકશે, એવા સવાલના જવાબમાં એમણે પૂર્ણ વિશ્ર્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ચોક્કસ યોજી શકીશું. આમેય કોરોનાની બીજી લહેર હવે ઓસરી રહી છે અને અમે એવી પ્રાર્થના કરીએ છીએ કે થોડા સમયમાં એ સંપૂર્ણ રીતે ઓસરી જશે.

તમે તો જાણો છો કે અમે રોગચાળા દરમિયાન બિહાર અને પશ્ર્ચિમ બંગાળ સહિત ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં સમયસારણી પ્રમાણે ચૂંટણી યોજી હતી. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરમાં ભાજપનું શાસન છે અને પંજાબમાં કૉંગ્રેસની સરકાર છે.

# ગોંડામાં સિલિન્ડર બ્લાસ્ટને કારણે બે માળનું મકાન ધરાશાયી: ૮ના મોત

*ગોંડા,તા.૨*

ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લામાં મંગળવારની રાતે મોટી દુર્ઘટના પરિણમી હતી, જેમાં વજીરગંજ ક્ષેત્રના ટિકરી ગામમાં સિલિન્ડર બ્લાસ્ટ થવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ દુર્ઘટનામાં ૨ મકાન ધરાશાયી થયાં હતાં. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, આ મકાનના કાટમાળની અંદર ૧૪ લોકો દટાઈ ગયા હતા, ૮ મૃતકોમાં ૨ પુરુષ, ૨ મહિલા અને ૪ બાળકનો પણ સમાવેશ થાય છે. આમાં ૬ ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત છે. આ તમામ ઈજાગ્રસ્તોને જિલ્લા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ત્યાર પછી તમામને ટ્રોમા સેન્ટરમાં ખસેડાયાં છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટનાને પરિણામે દુ:ખ પ્રગટ કર્યું હતું. તેમણે તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળ પર પહોંચીને રાહતકાર્ય કરવા માટે આદેશ આપ્યો હતો. ઘટનાને પરિણામે યોગીએ ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવા પણ આદેશ આપ્યો હતો. આ ઘટના અંગે જણાવવામાં આવી રહ્યું છે કે ટિકરી ગામના નિવાસી નુરુલ હસન પાસે ફટાકડા બનાવવાનું પણ લાઈસન્સ હતું. મંગળવારે રાતે આશરે ૧૧ વાગ્યાની આસપાસ તેમના ઘરમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે નુરુલ હસનના મકાનની સાથે તેના પાડોશીનું મકાન પણ ધરાશાયી થઈ ગયું હતું. ગ્રામીણોના જણાવ્યા પ્રમાણે, બચાવની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળ પર આવીને કાટમાળને જેસીબી મશીનની મદદથી હટાવવાના પ્રયાસો હાથ ધરી દીધા હતા. દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત મોહમ્મદ હકીમે જણાવ્યું હતું કે રાતે ૧૧ વાગ્યાની આસપાસ જમવાનું બનાવી રહ્યા હતા, ત્યારે ગેસ-સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. ગેસ-સિલિન્ડર પણ નવું હોવાથી સંપૂર્ણ ભરેલું હતું. આમાં વિસ્ફોટ થયો હોવાથી પોતાના ૨ માળના મકાનની સાથે પાડોશીનું મકાન પણ ધરાશાયી થઈ ગયું હતું. ત્યાર પછી શું થયું એની મને જાણ નથી.

આઈજી રાકેશ સિંહ, એસપીએ ઘટનાસ્થળ પર પહોંચીને તપાસ આદરી હતી. વિસ્ફોટનાં કારણોની તપાસ માટે તેમણે ફોરેન્સિક ટીમને પણ બોલાવી હતી. એસપીએ જણાવ્યું હતું કે સિલિન્ડરમાં વિસ્ફોટને કારણે છત પડી ગઈ હતી.

## મુખ્યમંત્રી રુપાણી સરકારનો સંવેદનશીલ નિર્ણય

# રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર માછીમારો માટે ૧૦૫ કરોડનું રાહત પેકેજ

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કોર કમિટીની બેઠકે રાજ્યમાં તાજેતરમાં તાઉ-તે વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકો ઉપરાંત દરિયા કિનારાના સાગરખેડૂ-માછીમારોને થયેલા વ્યાપક નુક્સાનમાંથી તેમને પુન:બેઠા કરવા અને મત્સ્યોદ્યોગ પ્રવૃતિમાં પૂર્વવત કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૧૦૫ કરોડનું રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, ઉર્જામંત્રી સૌરભ પટેલ, મત્સ્યોદ્યોગ મંત્રી જવાહર ચાવડા અને મુખ્ય સચિવ અનિલ મૂકીમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, એસી.એસ.શ્રી પંકજકુમાર અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં મત્સ્યોદ્યોગ અને પશુપાલન સચિવ નલિન ઉપાધ્યાય અને કમિશનર ડી.પી.દેસાઇ જોડાયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ રાહત સહાય પેકેજની વિગતો આપતા કહ્યું કે, સાગરખેડૂ-માછીમારોને તાઉ-તે વાવાઝોડાથી થયેલા વ્યાપક નુકસાનમાંથી પુન:બેઠા કરવા અને પૂર્વવત કરવાની સંપૂર્ણ સંવેદનાથી રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર આટલું વિશાળ ૧૦૫ કરોડ રૂપિયાનું ઉદારતમ પેકેજ સરકારે જાહેર કર્યું છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, તાજેતરમાં ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલા બંદરો જાફરાબાદ, રાજુલા, સૈયદરાજપરા, શિયાળબેટ, નવાબંદર સહિતના બંદોરોને ઘમરોળીને કલાકના ૨૨૦ કિ.મીની ઝડપે ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાથી દરિયો પણ તોફાની થયો હતો. આના પરિણામે માછીમારોની ફિશિંગ બોટ, મોટા ટ્રોલર, હોડીઓ સહિત અમૂક કિસ્સાઓમાં મત્સ્યબંદરની માળખાકીય સુવિધાઓને પણ મોટાપાયે નુક્સાન થયું હોવાનો અંદાજ સામે આવ્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૧૬૦૦ કિ.મીનો સૌથી લાંબો સમુદ્ર કિનારો ધરાવતા ગુજરાતમાં પોરબંદરથી ઉમરગામ સુધીની દરિયાઇ પટ્ટીમાં નાના-મોટા મત્સ્યબંદરો પરથી અનેક સાગરખેડૂ પરિવારો દરિયો ખેડીને માછલી-ઝિંગા જેવા મત્સ્ય ઉત્પાદનો મેળવી તેના વેચાણથી પોતાની આજીવિકા રળીને નિર્વાહ કરતા રહ્યા છે. તાજેતરમાં આ વિનાશક તાઉ-તે



વાવાઝોડાએ આવા સાગરખેડૂ ભાઈઓની મત્સ્ય હોડીઓ, ફાઈબર બોટ અને ટ્રોલર તેમજ માછીમારી પરિવારોના કાચા-પાકા મકાનો, બંદર પર બોટ લાંગરવાની સુવિધા-જેટી અને અન્ય માળખાકિય સગવડોને નુક્સાન કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, મત્સ્યોદ્યોગ માટેના આ રાહત પેકેજ જાહેર કરતા પૂર્વે રાજ્યના મત્સ્યદ્યોગ-બંદર વિભાગના મંત્રી જવાહરભાઇ ચાવડા અને સચિવ નલિન ઉપાધ્યાય સહિતના વરિષ્ઠ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લા અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથના બંદરોની પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લઇને માછીમાર પરિવારોને થયેલા હોડીઓના, મોટીબોટના, ટ્રેલરના તેમજ જેટી-બંદરોને થયેલા નુક્સાનનો સર્વગ્રાહી સર્વે સ્થાનિક માછીમોરોની રજૂઆતો ધ્યાને લઇને કર્યો હતો.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલા રાહત પેકેજમાં ૨૫ કરોડ રૂપિયા સાગરખેડૂ-માછીમારોની બોટ, ટ્રોલર, ફિશિંગનેટ વગેરેને થયેલા નુક્સાન રાહત પેટે તેમજ ૮૦ કરોડ રૂપિયા મત્સ્યબંદરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુક્સાનની મરામત માટે મળીને કુલ રૂપિયા ૧૦૫ કરોડનું આ પેકેજ છે. આ પેકેજની અન્ય વિશેષતાઓ વિશે જોઇએ તો નુકશાન પામેલ બોટના ખલાસીઓને જીવનનિર્વાહ માટે ખલાસી દીઠ ઉચ્ચક રૂ. ૨૦૦૦ની સહાય ખલાસીઓના ખાતામાં સીધા DBTથી ચૂકવવામાં આવશે.

## એન્ટિગુઆના વડાપ્રધાનનો આરોપ

# મેહુલ ચોક્સીની સુરક્ષા માટે ભાઈએ આપ્યા હતા ૨ લાખ અમેરિકન ડોલર...!

ન્યુ દિલ્હી,તા.૨

૧૩ હજાર કરોડ રૂપિયાનું પીએનબી કૌભાંડ કરીને ફરાર થયેલો ભાગેડું બિઝનેસમેન મેહુલ ચોક્સી અત્યારે ડોમિનિકાની જેલમાં બંધ છે. ભારતીય એજન્સીઓ તેને પાછો લાવવાનો પ્રયત્ન કરી રહી છે. આ દરમિયાન અન્ટિગુઆ અને બર્મુડાના પ્રધાનમંત્રી ગેસ્ટન બ્રાઉને એકવાર ફરી મેહુલ ચોક્સીને ભારતીય નાગરિક ગણાવતા તેને સીધો ભારત મોકલવા પર ભાર આપ્યો છે. બ્રાઉને વિરોધ પક્ષ યુપીપી પર ચોક્સીને લઈને ગંભીર આરોપ લગાવ્યા છે. બ્રાઉનના જણાવ્યા પ્રમાણે, યૂપીપીએ ચોક્સીની સુરક્ષાના બદલે તેની સાથે ચૂંટણીમાં રાજકીય અભિયાનના ફંડિંગનો સોદો કર્યો હતો.

તો એવા પર સમાચાર છે કે મેહુલ ચોક્સીનો ભાઈ ચેતન ચીનૂ ચોક્સી પણ ૨૯ મેના પ્રાઈવેટ જેટથી ડોમિનિકા પહોંચી ગયો હતો. તેણે ત્યાંના વિરોધ પક્ષના નેતા લેનોક્સ લિન્ટન સાથે મુલાકાત કરી હતી. એસોસિએટ્સ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે ચેતન ચોક્સીએ ડોમિનિકાના વિરોધ પક્ષના નેતા લેનોક્સ લિન્ટનને લાંચ તરીકે ૨ લાખ અમેરિકન ડોલર આપ્યા છે. એન્ટિગુઆ અને બર્મુડાના પ્રધાનમંત્રી ગેસ્ટન બ્રાઉનના જણાવ્યા પ્રમાણે મેહુલ ચોક્સીએ પોતાનો વકીલ બદલી દીધો છે. તેણે યૂપીપીના એક જાણીતા સભ્ય જસ્ટિન સાઈમનને પોતાનો વકીલ હાયર કર્યો છે.

એન્ટિગુઆના ઑનલાઈન પોર્ટલ એસોસિએટ્સ ટાઈમ્સના સમાચાર પ્રમાણે, મેહુલ ચોક્સીનો ભાઈ ચેતન ચીનૂ ચોક્સી પણ ૨૯ મેના પ્રાઈવેટ જેટથી ડોમિનિકા પહોંચ્યો હતો. તેણે ત્યાંના વિપક્ષ નેતા લેનોક્સ લિન્ટન સાથે મુલાકાત કરી હતી. એસોસિએટ્સ ટાઈમ્સનો દાવો છે કે ચેતન ચોક્સીએ ડોમિનિકાના વિપક્ષી નેતા લેનોક્સ લિન્ટનને લાંચ તરીકે ૨ લાખ અમેરિકન ડૉલર આપ્યા છે. એટલું જ નહીં ચેતને લેનોક્સને આગામી ચૂંટણીમાં મદદ કરવાનો ભરોસો આપ્યો છે. રિપોર્ટ પ્રમાણે ચેતને લિન્ટનને મેહુલ ચોક્સીનો મુદ્દો ત્યાંની પાર્લામેન્ટમાં ઉઠાવવા કહ્યું અને સાથે જ મેહુલ ચોક્સીના હકમાં નિવેદન આપવા કહ્યું છે. આ મામલે જાણકારોનું કહેવું છે કે ચેતન ચોક્સી ડિમિનકો એનવી નામની કંપની ચલાવે છે. આ કંપની હોંગકોંગની ડિજિક હોલ્ડિંગ્સ લિ.ની સહયોગી કંપની છે. આ કંપનીને હીરા અને ઘરેણાંના વેપારમાં સૌથી મોટા રિટેલર્સમાં સામેલ કરવામાં આવે છે. એ પણ કહેવામાં આવી રહ્યું છે કે ચેતન ૨૦૧૯માં લંડનમાં નીરવ મોદીથી જોડાયલી સુનાવણી દરમિયાન પણ કોર્ટની બહાર જોવા મળ્યો હતો.

# પરચુરણ કેસોના કારણે કોર્ટનો સમય વેડફાઈ રહ્યો છે: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમારી પાસે ફાલતુ કેસો આવવાનું પ્રમાણ વધી રહ્યું છે. જેને પગલે જે મહત્વપૂર્ણ કેસો છે તેની સુનાવણી રહી જાય છે. ગ્રાહક સુરક્ષા કેસની સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે આ નિવેદન આપ્યું હતું.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને એમ આર શાહની બેંચે કહ્યું હતું કે અમારી પાસે આજની સુનાવણી માટે જે પણ કેસોની યાદી છે તેમાં ૯૫ ટકા ફાલતુ કેસો છે. જ્યારે કાલે અમારે કોરોના મહામારી અંગે સુનાવણી કરવાની છે. પણ આ પ્રકારના ફાલતુ કેસો અમારો સમય બરબાદ કરી રહ્યા છે. આમ થવાથી ન્યાયપાલિકા નિષ્ક્રિય સ્થિતિમાં જતી રહે છે જે યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બિનજરૂરી કેસોને કારણે અમારો સમય વેડફાય છે અને ખરેખર જે રાષ્ટ્રીય હિતના કેસો છે તેની સુનાવણી માટે અમારી પાસે સમય નથી બચતો. માર્ચ મહિનામાં જ સુપ્રીમ કોર્ટે જે કેસનો નિકાલ કરી દીધો હતો તે જ કેસ ફરી સુપ્રીમ કોર્ટમાં પહોંચતા આ નિવેદન આપવામાં આવ્યું હતું.

# આનંદો...કેરળમાં ચોમાસાના આગમનનું કાઉન્ટ-ડાઉન શરુ

કોચ્ચિ,તા.૨

આકરી ગરમીનો સામનો કરી રહેલા દેશવાસીઓને થોડી ટાઢક થાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગનુ કહેવુ છે કે, ત્રણ જુનથી કેરાલામાં નૈઋત્યના ચોમાસાનુ આગમાન થાય તેવી સ્થિતિ સર્જાવાનુ શરુ થઈ ગયુ છે. ચોમસુ જોકે એક જુનની જગ્યાએ મોડુ પહોંચી રહ્યુ છે પણ ઉપગ્રહ પાસેથી મળેલી તસવીરો દર્શાવી રહી છે કે, કેરાલાના દરિયા કાંઠા અને તેની સાથે જોડાયેલા અરબ સાગરમાં વાદળો છવાયેલા છે. આગામી ૨૪ કલાકમાં કેરાલામાં વરસાદનુ આગમાન થઈ શકે છે. કારણકે વરસાદ માટે વધારે અનુકુળ સ્થિતિનુ નિર્માણ થઈ રહ્યુ છે. સામાન્ય રીતે કેરાલામાં વરસાદનુ એક જુને આગમન થતુ હોય છે.

હવામાન વિભાગે આ પહેલા ૩૧ મે કે તેના ચાર દિવસ પહેલા વરસાદનુ આગમન થશે તેવુ અનુમાન લગાવ્યુ હતુ. ૩૦મેના રોજ હવામાન વિભાગે જોકે કહ્યુ હતુ કે, કેરાલામાં વરસાદના આગમન માટેના યોગ્ય સંજોગો નથી બની રહ્યા. સાથે સાથે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ઉત્તર અને દક્ષિણ ભારતમાં સરેરાશ, મધ્ય ભારતમાં સરેરાશ કરતા વધારે તથા પૂર્વ અને પૂર્વોત્તર ભારતમાં સરેરાશ કરતા ઓછો વરસાદ થવાની શક્યતા છે. સરવાળે ચોમાસુ દેશ માટે સરેરાશ રહેશે.

## કોરોના દર્દીના સગાઓ માટે ઘરે ભોજન બનાવી ગાડીમાં પેક કરરી ટિફિનબોક્સનું વિતરણ કરે છે.

# કોરોના દર્દીના સગાઓ અને ફરજ પરના હોમગાર્ડ જવાનો માટે દેડિયાપાડાના સેવાભાવી દંપતીની નિસ્વાર્થ ભાવની અનોખી સેવા



રાજપીપલા તા ૨

આજે આપણે એક એવા સેવાભાવી વ્યક્તિ વિશેની વાત કરવી છે જેમણે કોરોનાના કપરા સમયમાં નિસ્વાર્થ ભાવે એક સેવા કાર્યનું અનોખું યોગદાન આપી રહ્યા છે.

હાલ નર્મદા મા કોરોનાના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાઈ રહ્યું છે ત્યારે હોસ્પિટલમાં દાખલ દર્દીને તો ભોજન મળતું હોય છે પરંતુ ખાસ કરીને દર્દીના સગાઓ, જેઓ પોતાના સ્વજન માટે રાત દિવસ બહાર બેઠા હોય છે એમને જમવાની વ્યવસ્થા પોતે કરવી પડતી હોય છે, અને એમાં પણ જ્યારે બજાર અમુક સમય મર્યાદામાં જ ખુલતું હોય તો ઘણા લોકો ને જમવા માટે અગવડ થઈ જતી હોય છે, એ જ રીતે પ્લ્હ અને હોમગાર્ડસ ના જવાનો પણ ગામડેથી ફરજ બજાવવા મોટી સંખ્યામાં તાલુકા મથકે આવતા હોય છે, આ બધાને છેલ્લા ઘણા સમયથી નિયમિત રીતે જમાડવાની વ્યવસ્થા આપણા સેવાભાવી રતનસિંહ વસાવાઅને તેમનું મિત્ર વર્તુળ કરી રહ્યા છે, એ પણ એકલા હાથે,જોકે

### કોરોનામા મોતના ડરથી ખેતરોમાં જઈ છુપાઈ જતા અને ટેસ્ટિંગ ન કરાવતા લોકોને સમજાવી ટેસ્ટ કરાવી કોરોનાની ચેન તોડી

રતનસિંહજીના ધર્મપત્ની પણ આ કાર્યને પોતાના માથે ઉઠાવી લીધું છે, તેઓ પોતે જ આ બધા જરૂરતમંદો માટે સેવાભાવથી જમવાનું બનાવે છે અને રતનસિંહ પોતાની ગાડીમાં પેક કરેલા ટિફિનબોક્સનું વિતરણ કરે છે. દેડિયાપાડા ના આ સેવાભાવી દંપતીનિસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે.

દેડિયાપાડા તાલુકો આમ તો નર્મદા જિલ્લાનો અતિ પછાત તાલુકો ગણી શકાય.

સુવિધાનો અભાવ અને તેમાં પણ ખાસ કરીને કોરોનાની કઠણાંઈ અને એમાં પણ અભણ અને કોરોનાના ડરથી ફફડી ઉઠેલા લોકો વચ્ચે માનવતાની મહેક જેવું અદભુત સેવા કાર્ય શરૂ કરનાર વ્યક્તિ એટલે રતનસિંહભાઈ વસાવા હાલ લોકો માટે મદદરૂપ થઈ રહ્યા છે.આ અતિ પછાત ક્ષેત્રમાં શૈક્ષણિક કાર્ય દ્વારા લોકોને શિક્ષિત કરનાર રતનસિંહ ભાઈ પોતેએક વકીલ છે અને એક અંગ્રેજી માધ્યમની પૃથ્વી કિડ્સ નામની શાળા ચલાવે છે. આજુબાજુના ગામડાઓમાં કોરોનામાં લોકો સંક્રમિત થવા લાગ્યા ત્યારે સંવેદનશીલ રતનસિંહભાઈએ એમના મિત્રો સાથે ચર્ચા કરી કે લોકોને સંક્રમિત થતા કઈ રીતે રોકી શકાય.? એમના મિત્ર વર્તુળ માંઘનશ્યાનભાઈ પટેલ તથા નાની બેડવાણના ધરમ ખત્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ આ ત્રણેય લોકોએ ભેગા મળી એક મિત્ર વર્તુળ નામનું ગ્રૂપ બનાવ્યું. અને નક્કી કર્યું કે ગામડે ગામડે જઈ લોકોને સમજાવી ને ટેસ્ટિંગ માટે પ્રેરિત કરવામાં આવે તેમજ જરૂરતમંદ વ્યક્તિઓની મદદ કરવાથી કોરોનાની ચેનમાં બ્રેક વાગી શકે છે, ઘનશ્યામભાઈ ના માર્ગદર્શન હેઠળ આ ગ્રૂપ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ નો ખાસો એવો પડઘો પડ્યો, જ્યાં સરકારી કર્મચારીઓને જોતામાં જ લોકો ખેતરોમાં જઈ છુપાઈ જતા હતા એના બદલે ધીરે ધીરે વિશ્વાસ કેળવવા લાગ્યો, લોકો ટેસ્ટિંગ માટે આગળ આવવા લાગ્યા, કોઈ જો કોરોના પોઝિટિવ નીકળે તો એને ઘરે જ ઉપચારની સુવિધા મળી રહે એનું ખાસ ધ્યાન આ ગ્રૂપ દ્વારા રાખવામાં આવ્યું, અને સંક્રમિત વ્યક્તિ સાથે પણ એકલવાયું ન લાગે એ રીતે ખબર અંતર લેવામાં આવતા.

આ દરમ્યાન ઘણા દર્દીઓ એવા હતા કે જેમને શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ પડવા લાગી હતી, એવા દર્દીઓને કોવિડ હોસ્પિટલ રાજપીપળા ખાતે આ ગ્રૂપ દ્વારા મોકલવામાં આવ્યા, અને સતત ડોક્ટરો સાથે સંપર્ક કેળવી દર્દીના ઘરના લોકોને દર્દીના ઈલાજ વિશેની સતત માહિતી આપતા રહ્યા, જાણે એ કુટુંબની જવાબદારી એમના માથે જ હોય એ પ્રમાણે ફક્ત દર્દી જ નહીં પણ પરિવારને પણ કાઉન્સિલ કરતા રહ્યા, આ સમય ગાળામાં એવું પણ ધ્યાનમાં આવ્યું કે દર્દીઓને તો સરકારી ધારા ધોરણ મુજબ ભોજનની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવેલ છે, પણ દર્દીનાં સગા સંબંધીઓ ને જમવાની અગવડ પડતી હોય છે તથા પ્લ્હ અને હોમગાર્ડસ ના કર્મચારીઓ પણ ગામડેથી તાલુકા પ્લેસ પર પોતાની ફરજ બજાવવા આવતા હોય છે. એમને પણ જમવાની અગવડ પડતી હોય છે, સ્વાસ્થ્ય કર્મચારીઓ પણ ગામડેથી આવતા હોય છે આ બધું જોઈને રતનસિંહભાઈએ આ બધા માટે નિ:શુલ્ક ભોજન વ્યવસ્થા શરૂ કરી અને દરેક વ્યક્તિને ટિફિન પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે આ કામમાં તેઓ પોતે તથા તેમના પત્ની, માતા અને દીકરા અને દીકરી એમને પૂર્ણ સહકાર આપે છે. પરિવાર આખો સેવાની ભાવના સાથે આ કાર્ય હોંશે હોંશે કરે છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૪ પદ્ય રચનાં....

.વિષય : સામાજિક પરિવાર ની હૂફ..દિવસ - ૩

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No:004
વિષયઃ કોરોનામાં પરિવારની હૂંફ સાથેનું સામાજીક જીવન
પ્રકારઃ મુક્તપંચિકા પદ્ય
શીર્ષકઃલાગણી

નિસ્તેજ મન
કરી રહ્યું તે,
મૂંગું આક્રંદ હતું,
ત્યાં અવાજ એ
લાગણી ભર..!
જીવવા બસ
મને મળી છે,
આશ સભર પળો,
નેત્ર ખોલતાં
મળી લાગણી..!
હે ઈશ! માંગું
તુજ જવળ,
ફરી આ જ સુતાઓ,
દે પુનઃ જન્મે ,
મૂર્તિ લાગણી..!
એ ઔષધિઓ
કરતા પણ,
શબ્દો તેણીઓ બોલી,
પાછા ફર્યા તે
દુઃખ લાગણી...!
સુણી ઝીણી તે
પારેવડાની,
ઘૂંટરઘૂં મનડું ,
હર્ષાયું ફરી
જીવી લાગણી..!
હૂંફ મળીને
હાર્યા યમજી,
હૈયામાં હામ પૂર્ણ,
આંખોમાં આશ
ભરી લાગણી..!
પધારી ગૃહે,
લઈ નવીન
જિંદગીને સમીપ,
માંણ્યો દિન તે,
જન્મે લાગણી..!
ઈશ! ફરી ન
કરતો આવી
પરીક્ષા કોઈની તું,
મરે જીવે તે,
દેજે લાગણી...!

જયશ્રી પટેલ, (નિર્ણાયક)

---

NOG SS NO : 0026
કોરોના કાળમાં
મારા વિચારો
શીર્ષકઃ તું ઘરમાં બેસ સમજીને..

ન ખોટી બહાદુરીને બતાવ, તું ઘરમાં બેસ સમજીને,
કે ભટકી રહ્યો એ તારો કાળ, તું ઘરમાં બેસ સમજીને..
ન ખોટી જીદને પંપાળ, તું ઘરમાં બેસ સમજીને,
થજે ના અવર તણો તું કાળ, તું ઘરમાં બેસ સમજીને..
છે ચેપી રોગ આ પ્યારે એ જાણીલે જો હો સમજુ?
ન કરજે ભૂલથી વિસ્તાર, તું ઘરમાં બેસ સમજીને..
અગર તું ના કરી શકતો મદદ આ રોગીની કોઇ,
ના ફેલાવી મદદ કરજે બનીને ઢાલ તું ઘરમાં બેસ સમજીને..
નથી આ કામ એક જણનું, જરૂરી છે બધાંનો સાથ, ના દૌલત દઈ કરે સેવા, ફક્ત આ કર, તું ઘરમાં બેસ સમજીને..

અંજના ગાંધી "મૌનું",વડોદરા

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- કોરોના કાળમાં સામાજિક અનુભવો, હૂંફ
પ્રકાર- પદ્ય
શીર્ષક- કેમ કરી જીવીએ!

કહો રે! રાજાજી કેમ કરી ધીરજ ધરીએ?
આ વટને અભિમાન આપને સોહિયે..
અમે રાંક રૈયત, તમે કહો તેમ કીજીએ..
પણ કહો રે! રાજાજી કેમ કરી જીવીએ?
આવ્યો, કપરો કાળ કોરોના તણો ને..
ગ્રહે ગ્રાસ કરી તે માનવી તણાં..
કુદરત રૂઠી અને હવા થઈ વિષેલી..
પ્રાણ તડપે, પ્રાણવાયું રે પીવા..
કહો રે! રાજાજી કેમ કરી જીવીએ?
પહેલાં નકલી ધાન ખૂબ ખાધાં..
પડ્યાં પેટ ઝેર એ પચાવી લીધાં..
નકલી દવાઓ - ઇન્જેક્શનોની કાળાંબજારી..
લાચારીથી તે લઈને ખુંવાર થઈએ..
કહો રે! રાજાજી કેમ કરી જીવીએ?
ભાવનાઓ તૂટી, સંવેદનાઓ છૂટી..
ને માનવીય પ્રેમને, માનવતા ખૂટી..
ખર્ચી ખૂટીને, ખૂટ્યો પ્રાણવાયુ..
ખૂટ્યાં સંસાધન, રહ્યાં જેનાં આશરે
કહો રે! રાજાજી કેમ કરી જીવીએ?
આકાશે બેઠો ઈશ, હિસાબ કરે પાક્કાં
કરે કર્મ જન્મનાં સઘળાં ઉધારાં..
હે કિરતાર! કર કરુણા ને ઉગાર!..
તારાં છીએ ને કાયમ થઈ રહીએ..
કહો રે! રાજાજી કેમ કરી જીવીએ?

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

NOG SS No/0044
વિષયઃ-; સામાજીક પરિવારની હૂંફ કોરોના કાળમાં
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- સ્વર્ગ.

કોરોનાએ ભાઈ કરી કમાલ,
સાસુ વહુની દૂરી કરી દૂર.
લઈ એકબીજાનો સહકાર,
નવા ધંધાનો કર્યો વિચાર.
પાપડ વડી કેરાં હુન્નરનો,
જેનાં થકી થયાં બે પાંદડે.
ઝઘડાનું સ્થાન લીધું મિત્રતાએ,
શાંતિ થકી ઘર બન્યું સ્વર્ગ.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

# કોરોના કાળમાં શ્રવણ



આધુનિક યુગમાં શ્રવણ શોધવો મુશ્કેલ છે પણ કોરોના મહામારી માં શ્રવણ જોવા મળે તે ગૌરવ છે એ માત પિતા ને.

ભારત ના એક સાંસ્કૃતિક પ્રદેશ ની રાજધાની ની આ કહાની છે. દીકરો શિક્ષણ સંસ્થા માં ફરજ બજાવે છે. બે બહેન છે તે પોતાના સાસરે છે. પિતા સરકારી ઓફિસ માં થી ઓફિસ સુપ્રિટેન્ડેંટ પદ પર થી નિવૃત થયેલા છે. પરંતુ પહેલાં થી સેવા ભાવ હોવાને કારણે ખૂબ સેવા કાર્યો કરે છે. કોરોના મહામારી માં પણ તે પોતાનું કામ કરે રાખે છે પોતાની પરવા કર્યા વિના.

એક દિવસ પૌત્રી તેની દાદી ને કહે છે કે દાદી તું દાદા ને બહાર જવા ન દે, તું મરી જાય તો ચાલશે પણ મારા દાદાજી ને કાંઈ થવું જોઈએ નહીં. દાદા ને એક દિવસ પૌત્રી સલાહ આપે છે કે તમે દાદાજી બહાર જશો નહીં, પરંતુ દાદા તેને ધ્યાનમાં ન લેતાં પોતાના સેવા કાર્યો કાર્યક્રમો ચાલુ રાખે છે.

એક દિવસ દાદાજી ને ખૂબ તાવ આવે છે. તેઓને પોતાનો પુત્ર દવાખાને લઈ જાય છે. પિતાજી ને ખૂબ ખાંસી આવતી હતી એટલે દીકરાએ કહ્યું પપ્પા તમને અને મમ્મીને પણ આ તકલીફ છે તો આપણે કોરોના નો ટેસ્ટ કરાવી લઈએ, પરંતુ પિતાજી તૈયાર થતાં નથી, ધીરે ધીરે મમ્મી અને પપ્પા ની તબિયત વધારે બગડતી જાય છે. પુત્ર બંને ને ખાનગી લેબ માં ટેસ્ટ માટે લઇ જાય છે. બંને ના રિપોર્ટમાં કોરોના પોજિટીવ આવે છે. દીકરો ખૂબ મહેનત કરી એક હોસ્પિટલમાં જગ્યા ખાલી પડેલી ત્યાં લઈ જાય છે દાખલ કરી ઘેર આવે છે પિતાને એકલા મુકી આવવા નું ગમતું નથી પણ કોરોના મહામારી માં દર્દી સાથે કોઈને હોસ્પિટલમાં સાથે રહેવા દેતા નથી. પપ્પાને ફ્રૂટ જ્યુસ કોણ આપશે તેની ચિંતા હતી પરંતુ પપ્પા ના મિત્ર કે મહાનગર પાલિકા માં ડેપ્યૂટી મેયર હતા તેઓએ ખૂબ ફ્રૂટ એક માણસ સાથે મોકલી આપ્યું. તે જ્યારે ત્રીજે દિવસે હોસ્પિટલ ખાતે ફ્રૂટ આપવા માટે પહોંચ્યો ત્યારે ખબર પડી કે પપ્પા ના મિત્ર એ ફ્રૂટ જ્યુસ મોકલી આપ્યા છે. તેના પપ્પાએ આ ફ્રૂટ માં થી ત્યાં કામ કરતી આયા ને અને નર્સ તરીકે ફરજ બજાવતી છોકરીઓ ને વહેંચી દીધું. ત્યાં ફરજ બજાવતી આયા જ્યારે ચા વહેંચતી ત્યારે બે વખત અન્ય દર્દી કરતા વધુ ચા પીવા માટે આપી જતી. બાજુના પલંગ માં એક ભાઈ જે યુવાન હતા, તે જ્યારે પણ ફ્રૂટ કાપતા હતા ત્યારે અચૂક ખાવા માટે આપતા હતા.

દીકરો હવે મમ્મીને કઈ હોસ્પિટલ ખાતે લઇ જવી તેની શોધખોળ કરે છે મહા મુશ્કેલ થી એક હોસ્પિટલ માં જગ્યા ખાલી પડેલી ત્યાં મમ્મીને દાખલ કરે છે. બંને ની હોસ્પિટલ અલગ અલગ શહેરમાં હોવા છતાં દીકરો ફ્રૂટ જ્યુસ આપવા અવાર નવાર હોસ્પિટલ જતો. પોતાને કોરોના વાયરસ લાગી જશે તેની ચિંતા કરતો નથી. ત્રીજા દિવસે જ્યારે પપ્પા ને મળવા જાય છે ત્યારે તે બોલી પણ શકતો નથી. પપ્પા પણ બોલી શકતા નથી તે પોતાનો હાથ ઊંચો કરી ત્યાથી પપ્પાને મળી નીકળી ગયો. તેના પપ્પા ખૂબ રડે છે આંખમાંથી આંસુ સરી જતાં હતાં. ચાર દિવસ બાદ પપ્પા ને મળવા માટે દીકરો ફરી થી ફ્રૂટ લઈને ગયો અને કહ્યું કે ચિંતા કરતા નહીં તમને રૂપિયા બે હજાર આપ્યા છે તેમાંથી જ્યુસ મંગાવી પીજો.

હોસ્પીટલમાં સામેના રૂમમાં ત્રણેક દર્દી એક પછી એક મૃત્યુ પામ્યા તેથી પપ્પાએ દીકરાને જણાવ્યું કે તુ મને અહીં થી ઘેર લઈ જા મને ઘણું સારું છે.

મમ્મી પપ્પા બંને ને સારું થતાં હોસ્પિટલમાં થી રજા આપવામાં આવી. ડોક્ટરો એ નીતિ નેવે મૂકી હોય ખૂબ ઊંચું બિલ પકડાવે છે તેમ છતાં દીકરો ગમે તેમ કરીને પૈસા ભેગા કરી હોસ્પિટલના બિલ ચૂકવે છે.

ઘેર લાવી તે અને તેની પત્ની બંને મમ્મી પપ્પા ની ખૂબ કાળજી રાખે છે બંને સમય જમવાનું ખૂબ સારું બનાવી જમાડે છે. જ્યુસ બનાવી આપે છે. નાસ્તો બનાવી આપે છે દીકરો મમ્મી પપ્પા ને કહે છે કે તમે પૈસાની ચિંતા કરશો નહીં. મમ્મી પપ્પા ચિંતા વ્યક્ત કરે છે અને કહે છે કે દીકરા આટલા બધા પૈસા તે અમારા માટે ખર્ચ્યા છે. ભગવાન તને સુખી રાખે તને શરીરે સ્વસ્થ રાખે અને કોઈ ની પણ જરૂર તારે ન પડે તું કોઈનો આધારિત ન રહે જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવા અમારા આશીર્વાદ છે.

આધુનિક યુગમાં તું અમારો શ્રવણ છે. આજે સમાજ માં જોવા મળે છે કે માબાપને કોઈ સાથે રાખવા તૈયાર હોતા નથી ત્યારે તે આજે અમને આ કપરા કાળ માં શ્રવણ ના દર્શન કરાવ્યા છે.

ડૉ ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર

# રાજ્યના અનેક જિલ્લાઓમાં ૪થી ૬ જૂન દરમ્યાન મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં આગામી ૨૦ જૂન બાદ ચોમાસાની શરૂઆત થશે તેવી હવામાન વિભાગ દ્વારા શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ટુંક સમયમાં પ્રી મોન્સૂન એક્ટિવિટીનો પણ પ્રારંભ થવાની તૈયારી છે. જેના ભાગરૂપે રાજ્યના અનેક જિલ્લાઓમાં ૪થી ૬ જુન દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત અમદાવાદમાં પણ હળવા વરસાદની શક્યતાઓની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના મતે રાજ્યમાં હાલ દક્ષિણ પશ્ચિમ દિશાનો પવન છે. આગામી ચાર જૂનના રોજ દમણ, દાદરાનગર હવેલી, દાહોદ, આણંદ, ભાવનગર, અમરેલી, ૫ જૂનના રોજ દમણ, દાદરાનગર હવેલી, અમદાવાદ, આણંદ, ખેડા, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દિવમાં ૩૦થી૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવા ઉપરાંત હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હાલની સ્થિતિ પ્રમાણે ગુજરાતમાં જૂનના ત્રીજા સપ્તાહથી ચોમાસાનો પ્રારંભ થઈ શકે છે.

અમદાવાદમાં પણ હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. વરસાદી માહોલ બન્યા પહેલાં જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવા માંડ્યું છે. જેના કારણે બફારો અને ઉકળાટ વધ્યો છે. તૌકતે વાવાઝોડાના પગલે પડેલા ભારે વરસાદના પગલે રાજકોટ અને સુરેન્દ્રનગર સિવાયના રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન હજુ સુધી ૪૦ ડિગ્રીથી નીચે નોંધાયું છે.

# અનુ.જનજાતી યુવતીએ પટેલ યુવક સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરતા સમાજનો વિરોધ, લગ્નમાં જોખમ જણાતા પોલીસ રક્ષણ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્યમાં આંતરજ્ઞાતિય લગ્નો વધી રહ્યા છે ત્યારે તેને પ્રોત્સાહન પૂરુ પાડવા માટે ગુજરાત સરકારની એક યોજના છે, જે મુજબ આ રીતે લગ્ન કરનાર દંપતીને સરકાર એક લાખ રૂપિયાની સહાય પૂરી પાડે છે આંતરજ્ઞાતિય લગ્ન કરનારા પ્રેમી યુગલોની સ્થિતિ દિવસેને દિવસે ખરાબ થઈ રહી છે. આંતરજ્ઞાતિય લગ્ન પછી ઓનરકિલિંગના અનેક કિસ્સાઓ દેશમાં બની રહ્યા છે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામપુરી ગામની અનુ.જનજાતિ સમાજની યુવતીને સાબરકાંઠાના દંતોડના પટેલ યુવક સાથે આંખ મળી જતા બંને પરિવારોએ રાજીખુશી લગ્ન કરવાનું નક્કી કરતા અનુ.જનજાતી સમાજના વીવીધ સંગઠનો અને બીટીપી પાર્ટીએ આંતરજ્ઞાતિય લગ્નનો વિરોધ કરી યુવતીના પિતાને આ લગ્ન સમાજની સંસ્કૃતી વિરુદ્ધ હોવાથી સ્વીકાર્ય ન હોવાનું લેખીત જાણ કરી લગ્ન બંધ રાખવાનું જણાવતા યુવતી અને તેના પરિવારજનોએ આ અંગે ભિલોડા પોલીસને જાણ કરતા પોલીસે આંતરજ્ઞાતિય લગ્નમાં કોઈ વિઘ્ન પેદા ન થાય તે માટે ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દિધો હતો



ભિલોડા તાલુકાના રામપુરી ગામની અનુ.જનજાતિ સમાજની અંજના નામની યુવતીને વિજયનગર તાલુકાના દંતોડ ગામના મનીષ કુમાર સાથે પ્રેમ સબંધ બંધાયા પછી યુવક-યુવતીએ લગ્ન કરવાનો નિર્ણય કરતા બંનેના પરિવારજનોને આ અંગે જાણ કરતા યુવક-યુવતીના પરિવારજનોએ બંનેના પ્રેમલગ્ન ધામધૂમથી કરવાનો નિર્ણય કરતા ૩૦ મે-૨૦૨૧ ના રોજ લગ્ન નક્કી કર્યા હતા આ આંતરજ્ઞાતિય લગ્નની જાણ અનુ.જનજાતી સમાજના આગેવાનો અને બીટીપી પાર્ટીના હોદ્દેદારોને થતા વિરોધ નોંધાવ્યો હતો અને આ અંગે યુવતીના પરિવારજનો પર સામાજીક દબાણ લાવવાનો પ્રયત્ન કરવામાં આવતા અને આદીવાસી સમાજના નામે યુવતીના પિતા અને ભિલોડા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં જાણ કરી આ લગ્ન આદીવાસી સંસ્કૃતી વિરુદ્ધ હોવાથી ભિલોડા પોલીસસ્ટેશનમાં પણ લગ્ન અટકાવવા અરજી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવેની માંગ કરવામાં આવતા ભિલોડા પોલીસે આ આંતરજ્ઞાતિય લગ્નમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે જીલ્લા પોલીસતંત્રને જાણ કરતા જીલ્લા પોલીસતંત્રએ બે ડીવાયએસપી સહીત ચુસ્ત પોલીસ બંદોબસ્ત યુવતીના ઘરે અને જાન આવવાના સમગ્ર માર્ગ પર ગોઠવી દઈ સઘન પેટ્રોલિંગ હાથધરી લગ્ન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કર્યા હતા

# પશુપાલનની વિવિધ સહાયલક્ષી યોજના માટે ૧લી જુન ૨૦૨૧થી આઈ ખેડૂત પોર્ટલ પર અરજીઓ સ્વીકારાવાનું શરૂ કરાયું

રાજયમાં અને અમદાવાદ જીલ્લામાં પશુપાલન વ્યવસાય એક સ્વતંત્ર વ્યવસાય તરીકે વિકસિત થઇ રહ્યો છે અને રાજય સરકારા દ્વારા આ વ્યવસાયના વિકાસમાં વધુ ગતિ લાવવા સતત ઘનિષ્ટ પ્રયાસો થઇ રહ્યા છે. આ માટે પશુપાલન ખાતાની વિવિધ સહાય યોજનાઓ (ચાફકટરની ખરીદી પર સહાય , કેટલ શેડ બાંધકામ સહાય ,વ્યાજ સહાય, કૃત્રિમ બીજદાનથી શુદ્ધ ઓલાદની વાછરડીના જન્મ પર સહાય, બકરા એકમ(૧૦ બકરી ૧ બકરો)ની સ્થાપના માટે સહાય, ગાભણ પશુ માટે ખાણદાણ સહાય,૧૨ દુધાળા પશુ એકમની સ્થાપના માટે સહાય, દુધ ઉત્પાદક મંડળીઓ માટે દુધઘર અને ગોડાઉન બાંધકામ માટે સહાય વગેરે) અમલમાં છે દર વર્ષે સારી એવી સંખ્યામાં આ માટે ઓનલાઇન અરજીઓ કરવામાં આવતી હોય છે.

ચાલુ વર્ષે આ માટે અરજી કરવા આઇ-ખેડુત પોર્ટલ તા.૧/૬/૨૦૨૧ થી તા. ૦૧/૦૭/૨૦૨૧ સુધી ખુલ્લુ રહેશે, જે દરમ્યાન આ યોજનાઓ પૈકી પોતાને અનુકુળ એવી કોઇ પણ યોજનાનો લાભ લેવા ઇચ્છુક પશુપાલકે આઇ-ખેડુત પોર્ટલ અરજી કરવાની રહેશે. પશુપાલન ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે પશુપાલકે આઇ-ખેડુત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in) પર ઓન-લાઇન અરજી કરવી ફરજીયાત છે. રાજ્ય/જીલ્લાનાં કુલ લક્ષ્યાંક કરતા નિયત સમયમર્યાદામાં ઓછી અરજીઓ પ્રાપ્ત થયેલ હશે તો તેવી યોજના/યોજનાઓ પુરતું પોર્ટલ અરજીઓ સ્વિકારવા માટે વધુ સમય ખુલ્લું રાખવામાં આવશે. જેની માહિતી આઇ-ખેડુત પોર્ટલ પર પ્રદર્શિત કરવામાં આવશે. લક્ષ્યાંકથી વધુ અરજીઓ થાય તેવા સંજોગોમાં દરેક ઘટક માટે લાયક ઠરતી હોય તેવી મળેલ તમામ અરજીઓનો આઇ-ખેડુત પોર્ટલ પર ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ કરી લાભાર્થી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

પશુપાલકે ઓનલાઇન અરજી કર્યા બાદ તેની પ્રિંટ આઉટ લઇ, તેમાં નિયત જગ્યાએ પોતાની સહી કે અંગુઠાનું નિશાન કરી, માંગવામાં આવેલ દસ્તાવેજોની પ્રમાણિત નકલો સહિતની પોતાની અરજી નજીકનાં પશુ દવાખાનાએ પહોંચતી કરવાની રહેશે. કોઇ પણ પશુપાલક પોતે ઇચ્છે તેવી એક કે વધારે યોજનાઓમાં આ સમયમર્યાદામાં અરજી કરી શકે છે. આ માટે માર્ગદર્શનની જરૂર પડે તો નજીકનાં પશુ દવાખાના/પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર કે ઉપકેન્દ્રનો સંપર્ક કરી પશુપાલન ખાતાની સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે અમદાવાદનાં સર્વે પશુપાલકોને નાયબ પશુપાલન નિયામક ડૉ.એસ.બી.ઉપાધ્યાય, જિલ્લા પંચાયત, અમદાવાદ દ્વારા અનુરોધ કરાયો છે.

- હિમાંશુ ઉપાધ્યાય

# દાણીલીમડાની પરિણિતાને નણદોઇએ બદનામ કરવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

અમદાવાદ,તા.૨

૨૩ વર્ષની દાણીલીમડાની પરિણીતાને તેના પતિના મૃત્યુ બાદ સાસરિયા દ્વારા ત્રાસ આપવાનું શરુ કરવામાં આવ્યું, આ પછી યુવતીએ આપઘાતનો પ્રયાસ કરતા આખો મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. દાણીલીમડા પોલીસને પરિણીતાએ જણાવ્યું છે કે તેની ઉંમર નાની હોવાથી તેના પિતાએ તેના બીજા લગ્ન કરાવવા અંગે કહ્યું હતું, જોકે, સાસરિયા દ્વારા તેને બદનામ કરવાની કોશિશો કરાઈ હતી. આપઘાતના પ્રયાસ બાદ પરિણીતાની તબિયત બગડતા તેના પિતાએ તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી હતી.

રાબિયા (નામ બદલ્યું છે)ના લગ્ન વર્ષ ૨૦૧૪માં દાણીલીમડામાં મોહસીન ખાન સાથે થયા હતા. પતિનું કેન્સરના લીધે ત્રણ વર્ષ પહેલા મૃત્યુ થઈ ગયું અને ૫ વર્ષની દીકરી છે. જ્યારે રાબિયાના પિતાએ દીકરીની ઉંમર નાની હોવાથી તેના બીજા લગ્ન કરવાની વાત કરી હતી, જે પછી સાસરિયાએ કહ્યું કે ઉતરતા વર્ણ સાથે લગ્ન કરો પણ અમારી પૌત્રી અમને સોંપી દો. લગ્નની વાત થયા પછી સાસરિયા દ્વારા રાબિયા વિશે ખોટી અને તેના સ્વમાનને ઠેસ પહોંચે તેવી વાતો ફેલાવવાનું શરુ કર્યું હતું. બીજી તરફ વિધવા રાબિયાના નણદોઈ ઈમરાનહુસૈન સગામાં એવી વાતો ફેલાવતા કે રાબિયા સાથે મેં નિકાહ કરી લીધા છે, જો એ બીજી જગ્યાએ નિકાહ કરશે તો હું રહેવા નહીં દઉં તેને હેરાન કરી નાખીશ.

રાબિયાએ ફરિયાદમાં જણાવ્યું કે તેના નણદોઈની સાથે નણંદ પણ અવાર-નવાર મેંણાટોંણા મારીને તેની સાથે ઝઘડા કરતા હતા. પરંતુ તેના પિતા તેને સમજાવતા હતા કે સમાજના આગેવાનોની મદદ લઈને આ વાતનો નિકાલ લાવીશું, જેથી તેણે અગાઉ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

તારીખ ૨૮ મે ૨૦૨૧ના રોજ રાબિયાના નણંદ અને નણદોઈએ તેની સાથે ઝઘડો કર્યો હતો અને તેના કાકાને ફોન કરીને ખોટી વાતો ફેલાવી હતી. નણદોઈ ઈમરાનહુસૈને કહ્યું હતું કે તું બીજા લગ્ન કરીશ તો અમે તને તારી દીકરી નહીં આપીએ અને તું મારી સાથે ફરેલી છે, તેવું સમાજમાં કહીને તને બદનામ કરી નાખીશું. પોતાના પતિના મૃત્યુ બાદ રાબિયાને સાસરિયા દ્વારા અપાતા માનસિક ત્રાસથી તે કંટાળી ગઈ હતી. તે પોતાના સાસરિયા પતિના મૃત્યુ પછી દિવસે સાસરીમાં અને રાત્રે પોતાના પિતાના ઘરે આવી જતી હતી.જોકે, રાબિયાના પિતાની દીકરીની ઉંમર નાની હોવાથી તેના બીજા લગ્ન કરાવવાની વાત કર્યા પછી સાસરીમાં તેના પર થતો ત્રાસ વધી ગયો અને તેને બદનામ કરવાની પણ ધમકીઓ આપવાનું શરુ કર્યું હતું.

# કાંકરેજ થરા ખાતે રક્તદાન શિબિરનું સફળ આયોજન



કાંકરેજ

રક્તદાન એજ જીવનદાન એ સૂત્ર ને સાર્થક કરતું કાર્ય ભા જ પ કાંકરેજ યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિર નું સફળ આયોજન કરવામાં આવ્યું કેન્દ્ર સરકાર ના સાત વર્ષ સફળતા ના પર્વ નિમિત્તે કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા રેફરલ હોસ્પિટલ ખાતે તાલુકાના યુવા મોરચા ના કાર્યકરો દ્વારા ૯૨ બોટલ રક્ત સંકલન કરવામાં આવ્યું.આ રક્તદાન શિબિરમાં વડીલો અને યુવાનોએ દેશસેવાની ભાવના સાથે ઉત્સાહ પૂર્વક રક્તદાન કર્યું.આ પ્રસંગે કાંકરેજ તાલુકાના ધારાસભ્ય કિર્તીસીહ વાઘેલાએ પોતાના વિચાર વ્યક્ત કરતાં જણાવ્યું કે કોરોના જેવી મહામારી માં પણ યુવા મોરચા ના કાર્યકરો તન મન થી સેવા કાર્ય માં અગ્રેસર રહ્યા છે. સાંપ્રત સમય માં ભારત દેશ દરેક સંકટ નો સામનો કરી સેવા સહકાર અને હિંમત સાથે વિશ્વગુરૂ બનવા તરફ આગળ વધી રહ્યો છે.

આ પ્રસંગે જિલ્લાના પૂર્વ મહામંત્રી ભારતસિંહ ભટીસરિયા ,બ્રહ્મ સમાજના અગ્રણી હરગોવનભાઈ શીર્વાડિયા, જિલ્લા પ્રમુખ ગુમાનસિંહ,નંદાજી ઠાકોર, ડાયાભાઈ પીલિયાતર,ઈશુભા,અમીભાઈ દેસાઇ, કિશોરભાઈ પ્રજાપતિ તેમજ તાલુકાના અગ્રણી આગેવાનો અને કાર્યકરો આ સેવા કાર્યમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ પોલીસ જવાનોએ પણ રક્તદાન કરી સેવા નું યોગદાન આપ્યું હતું.

# હાઇ-ટેક કન્સનટ્રેટર કોરોનાગ્રસ્ત દર્દીઓની પ્રાથમિક ઓક્સિજન જરૂરિયાત સંતોષવામાં મદદરૂપ બનશે : સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ

# વતનની વ્હારેઃ યુ.કે.માં વસતા ગુજરાતી સ્પાઇન સર્જને ૧૦ કન્સનટ્રેટર સિવિલ હોસ્પિટલ મોકલ્યા

કોરોનાની બીજી લહેરે દેશ આખા પર પોતાનો કહેર વરસાવ્યો.વાયરસના બદલાયેલા સ્વરૂપે ઘણાંય પરિવારોને વીખેરી નાંખ્યા. સમગ્ર દેશમાં ઓક્સિજનની જરૂરિયાતથી કોરોનાગ્રસ્ત દર્દીઓ ઝઝૂમતા જોવા મળ્યા. દેશ પર એકાએક આવી પડેલી આફત પર નિયંત્રણ મેળવવા રાજ્ય સરકારની સાથે સેવા-ભાવી સંસ્થાઓ અને સમાજના આગેવાનો ઉમદા કાર્ય કરી મદદરૂપ બનવા આગળ આવ્યા છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પણ રાજ્ય અને દેશની સાથે વિદેશથી પણ દાનની સરવાણી વહેતી રહી. તાજેતરમાં સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ઓક્સિજનને લગતી પ્રાથમિક જરૂરિયાત સંતોષવા માટે અમેરિકા અને યુ.કે. થી ગુજરાતની જનતાને વ્હારે આવી માદરે વતન પોતાની મદદનો હાથ લંબાવ્યો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૨ વર્ષથી યોજાતા બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપમાં રાજ્ય અને દેશની સાથે વિદેશ માંથી પણ ખ્યાતનામ તબીબો સહભાગી બને છે. દર વર્ષે દેશ – વિદેશના બાળરોગ સર્જરી નિષ્ણાંત તબીબો આ વર્કશોપમાં જોડાય છે. જેમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના તજજ્ઞ તબીબોના જ્ઞાનનું આદાન પ્રદાન વૈશ્વિક કક્ષાના તબીબો સાથે થાય છે. તેઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થતી જટીલ સર્જરીઓ થકી ઘણી નવિ તકનીકો, જટીલતા શીખીને જાય છે.

અહીં વિવિધ જટીલ સર્જરીઓ વિશેનો તાગ મેળવી , જ્ઞાન મેળવીને પોતાના જ્ઞાનમાં વધારો કરે છે. સિવિલ હોસ્પિટલ તરફથી તેઓને વિશ્વમાં ક્યાંય ન જોવા મળતા અતિ જટીલ સર્જરીના કિસ્સા જોવા મળે છે.

મૂળ વઢવાણમાં વસતા ખ્યાતનામ તબીબ શ્રી અસીમ શુક્લા અને શ્રીમતી પામેલા આર્ટીગસ(ફ્લોરીડા સ્થિત) ભેગા થઇને વિદેશી એન.જી.ઓ.ના સહયોગથી સિવિલ હોસ્પિટલમાં કન્સનટ્રેટર આપીને ઓક્સિજન જરૂરિયાત ધરાવતા દર્દીઓને મદદરૂપ બનવા ફંડ એકઠું કર્યું.ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં વિદેશથી કુરિયર મારફતે ૮૦ કન્સનટ્રેટર અમેરીકાથી મોકલી આપ્યા

શ્રી અસિમ શુક્લાએ કહ્યું કે, કોરોના મહામારીમાં વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો થકી સિવિલ હોસ્પિટલની કામગીરીથી માહિતગાર થયા છીએ. સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમો થકી પણ સિવિલ હોસ્પિટલની કોરોનાકાળમાં થતી કામગીરીની સમયાંતરે જાણ થતી રહી છે. સિવિલ હોસ્પિટલે રાજયભરમાંથી મહત્તમ કોરોના દર્દીઓને સાજા કરીને ઘરે મોકલ્યા છે. જેના દ્વારા જ સિવિલ હોસ્પિટલના સેવાયજ્ઞમાં જોડાવવાનો અમેં દ્રઢ નિર્ધાર કર્યો.

દર વર્ષે વર્કશોપમાં આવીને અમેં નોધ્યું છે કે, વિશ્વના વિવિધ દેશોમાં બાળરોગની થતી સર્જરી અત્યંત ખર્ચાળ હોય છે. જે સિવિલ હોસ્પિટલમાં તદ્દન નિઃશૂલ્ક કરવામાં આવે છે.સિવિલ હોસ્પિટલ દ્વારા જૂજ જોવા મળતી અત્યંત જટીલ પ્રકારની સર્જરીઓ પણ સફળતાપૂર્વક પાર પાડવામાં આવે છે. અહીં આવતા બાળકો અને તેમના માતા-પિતાને હસતામુખે ઘરે પરત ફરતા અમેં જોયા છે.

સિવિલ હોસ્પિટલમાં વર્કશોપ દ્વારા મારા સહિત અન્ય તબીબોને પણ ઘણું શીખવા મળ્યું છે. અમેં સિવિલ હોસ્પિટલમાં આવીને દર વર્ષે જ્ઞાનનો ભંડાર મેળવ્યો છે માટે આ કોરોના મહામારીમાં સિવિલના વ્હારે આવવાનો અને સિવિલ હોસ્પિટલને કંઇક આપી સિવિલ હોસ્પિટલના દર્દીઓને મદદરૂપ થવાવનો આ અનેરો અવસર હતો. જેમાં અમે સહભાગી બન્યા છીએ તેમ શ્રી અસીમ શુક્લા એ ઉમેર્યુ હતુ.

વર્ષોથી અમદાવાદ સિવિલ હોસ્પિટલના વર્કશોપમાં જોડાવવાના કારણે ફક્ત પ્રોફેશનથી જ નહીં તેઓ લાંગણીઓ થી પણ બંધાઇ ગયા. જ્યારે તેઓએ જોયું કે રાષ્ટ્ર પર આવી પડેલી મહામારીમાં ઓક્સિજનની જરૂરિયાત ઉભી થઇ છે. ત્યારે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર સ્વખર્ચે ૮૦ જેટલા ઓક્સિજન કન્સનટ્રેટર સિવિલ હોસ્પિટલના દર્દીઓની સેવા માટે દાન કર્યા.

દાન કરેલા ૮૦ કન્સનટ્રેટર પૈકી ૩૨ કન્સનટ્રેટર ૧૦ લીટરની ક્ષમતા ધરાવતા અંદાજીત ૨૨૦૦ અમેરિકન ડોલર અને બાકીના ૪૮ કન્સટ્રેટર ૫ લીટરની ક્ષમતા ધરાવતા અંદાજીત ૪૮ લાખની કિંમતના સિવિલ હોસ્પિટલમાં દાન કરવામાં આવ્યા છે.

અન્ય એક સેવા ભાવી ભારતીય સ્પાઇન સર્જન ડૉ. વિનય જસાણી જેઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલની સેવાકીય પ્રવૃતિઓ સાથે વર્ષોથી સંકળાયેલા છે. જેઓએ સિવિલ હોસ્પિટલના પોલીયોગ્રસ્ત બાળકોની સ્પાઇન સર્જરીથી લઇ અન્ય સ્પાઇન સર્જરીમાં સિવિલ



હોસ્પિટલ તબીબો સાથે જોડાયેલા રહ્યા છે. તેઓએ પણ સિવિલ હોસ્પિટલ પ્રત્યેનો ઋણ અદા કરતા યુ.કે. થી ૧૦ લાખના સ્વખર્ચે અમદાવાદ સિવિલ હોસ્પિટલને ૧૦ ઓક્સિજન કન્સનટ્રેટરનું દાન કર્યું છે. મૂળ ગુજરાતી અને યુ.કે.માં વસતા સ્પાઇન સર્જન ડૉ. વિનયભાઇએ ગુજરાતની જનતા પ્રત્યેનો પ્રેમ દાખવીને યુ.કે.માં રહીને પણ ગુજરાતી ભાઇ-બહેનોના સ્વાસ્થ્યની ચિંતા દાખવી અને મદદ કરી છે.

તેઓએ યુ.કે.થી ફલાઇટ મારફતે પ્રાયોરીટી બેઇઝ્ડ ૧૦ કન્સનટ્રેટરનું પોસ્ટ દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા હતા.

સિવિલ હોસ્પિટલને એશિયાની સૌથી મોટી હોસ્પિટલ ગણવામાં આવે છે. કોરોનાકાળમાં પણ રાજ્યભરમાં લગભગ સૌથી વધુ દર્દીઓએ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલ અને મંજુશ્રી હોસ્પિટલમાં જ સારવાર મેળવી છે. અહીં દર્દીઓનો રીકવરી રેટ પર મહત્તમ જોવા મળ્યો છે. સિવિલ હોસ્પિટલના તબીબો દરીદ્રનારાયણના સેવાયજ્ઞમાં જોડાઇને સ્વને ભૂલી જઇ સમસ્તિ માટે કાર્ય કરી રહ્યા છે. ત્યારે રાજયની અને દેશની ઘણી સેવાભાવી સંસ્થાઓ પણ સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવા સિવિલ હોસ્પિટલને સહભાગી થવા દાનની સરવાણી વહેડાવી છે.

-અમિતસિંહ ચૌહાણ

# અમદાવાદ ગ્રામ્યના શિક્ષણકર્મીઓ એ રક્તદાન કર્યુ




રાજ્ય સરકારની ફેશલેસ અને પેપરલેસચયન-પસંદગી ગુણવત્તાના ઘોરણે કરીને ટૂંકા ગાળામાં રાજ્ય સરકારને ૨૯૩૮ શિક્ષણ સહાયકો મળ્યા છે.અમદાવાદ જિલ્લામાં પણ નવા ૧૪૬ શિક્ષણ સહાયકોનું માનવબળ ઉમેરાયુ છે.

શિક્ષકની કામગીરીને નોબલ પ્રોફેશન તરીકે ગણવામાં આવે છે. આ વ્યવસાય મની મેકિંગ નહી પરંતુ સમાજના ઉચ્ચ સંસ્કારયુક્ત ચારિત્ર્યના ભાવિ પેઢીનું ઘડતર કરવાનું ઉત્તમ સેવાદાયિત્વ પૂરૂ પાડે છે.

અમદાવાદ જિલ્લાના ૧૪૬ શિક્ષણ સહાયકો જ્યારે આ નોબલ પ્રોફેશનમાં પ્રવેશીને નવી ઇનિંગની શરૂઆત કરવા જઇ રહ્યા હોય ત્યારે જિલ્લા અને રાજયને આ યુવા બ્રિગેડથી આશાઓ વધી જાય છે.

અમદાવાદ જિલ્લામાં શિક્ષણ સહાયક તરીકે જોડાઇને નવનિયુક્ત શિક્ષકોએ રક્તદાન કરીને ઉમદાકાર્યની શરૂઆત કરી હતી.અમદાવાદ ગ્રામ્યના જિલ્લા શિક્ષણઅધિકારી શ્રી આર.આર. વ્યાસ સહીત ૬ શિક્ષણકર્મીઓએ કાલે રક્તદાન કર્યુ હતુ. રાજ્યના શિક્ષણ યજ્ઞમાં વિદ્યાદાન કરવા પ્રવેશનાર નવનિયુક્ત શિક્ષકોએ રક્તદાન કરીને પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં રક્તનું મહ્ત્વ સમજાવ્યું હતુ.

આ રક્તદાન કરીને નવનિયુક્ત યુવા શિક્ષકોએ રાષ્ટ્રનિર્માણમાં જરૂરી તમામ પડકારો ઝીલવા સજ્જ હોવાનુઅને ભાવિ પેઢીના ઘડતર માટે ઉમદા સેવાદિયત્વ પૂરી નિષ્ઠાથી નિભાવવાનો સકારાત્મક સંદેશો આપ્યો હતો. અમદાવાદ જિલ્લાના દેત્રોજ સ્થિત સરાકારી શાળામાં નવનિયુક્ત શિક્ષક શ્રી નિલેશભાઇ મકવાણાએ જણાવ્યું કે,એક લોહી બીજા લોહીના કામે આવે,મારા રક્ત થકી જરૂરિયાતમંદનો જીવ બચે, રાજ્ય સરકારે જ્યારે માનવસેવાનો યજ્ઞ આદર્યો હોય ત્યારે તેમાં રક્તદાન થકી લોકસેવામાં જોડાવવાના શુભ આશયથી મેં રક્તદાન કર્યું. અગાઉ હું ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો.રાજ્ય સરકારમાં જોડાવવાની વર્ષોથી ઝંખના સેવી રહ્યો હતો. જેમાં કાલે મને સફળતા મળી છે.જેના હર્ષની લાગણી સ્વરૂપ અને સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વ અને નવીન જવાબદારી નિભાવવા અને પ્રવર્તમાન સ્થિતિમાં રક્તનું મહ્તવ સમજીને જ મેં કાલે રક્તદાન કર્યું છે.

-અમિતસિંહ ચૌહાણ

# જિલ્લા કલેક્ટરના હસ્તે નર્મદા જિલ્લાનો રૂા. ૯૧૦.૮૪ કરોડનો વાર્ષિક ક્રેડીટ પ્લાન ખૂલ્લો મુકાયો

રાજપીપલા,તા ૨

નર્મદા જિલ્લાની લીડ બેંક દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટેનો રૂા. ૯૧૦.૮૪ કરોડનો તૈયાર કરાયેલ વાર્ષિક ક્રેડીટ પ્લાનને નર્મદા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે રાજપીપલા કલેક્ટરાલય ખાતે ખૂલ્લો મૂક્યો હતો. જુદા જુદા ક્ષેત્રોમાં ચાલુ વર્ષમાં કુલ ધિરાણ માટે નિયત કરાયેલ લક્ષ્યાંક સિધ્ધિ હાંસલ થાય તે જોવા શાહે અમલીકરણ અધિકારીઓને ખાસ અનુરોધ કર્યો છે.

લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજરશ્રી ગોવિંદભાઇ પ્રજાપતિ, બેંક ઓફ બરોડાના ચીફ મેનેજરશ્રી આર.પી.વિજય, બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજરશ્રી યોગેન્દ્રકુમાર અધ્યારૂ, બરોડા સ્વરોજગાર સંસ્થાનના ડિરેકટર સતીષ ગોહિલ, પ્રતાપભાઇ બારોટ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ક્રેડીટ પ્લાનના વિમોચન પ્રસંગે પ્રારંભમાં લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર ગોવિંદભાઇ પ્રજાપતિએ જિલ્લા કલેકટર શાહને ક્રેડીટ પ્લાનની વિગતોની રૂપરેખા સાથે વિસ્તૃત જાણકારી આપી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, જિલ્લાના આ ક્રેડીટ પ્લાનમાં ચાલુ વર્ષે સૌ પ્રથમવાર જિલ્લામાં મત્સ્યોદ્યોગ,



પશુપાલન અને મરઘા ઉછેર જેવી સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૯૯.૪૩ કરોડની વિશેષ ફાળવણી કરવામાં આવી છે. જિલ્લાના તૈયાર કરાયેલા આ વાર્ષિક ક્રેડીટ પ્લાનમાં કૃષિ ક્ષેત્રે (કે.સી.સી.) પાક ધિરાણ અંતર્ગત રૂા. ૫૦૧.૮૮ કરોડ કૃષિ ક્ષેત્રે ટર્મ લોન, એલાઈડ એક્ટીવીટી હેતુ માટે રૂા. ૨૫૧.૨૪ કરોડ, સુક્ષ્મ-નાના અને મિડિયમ ઉધોગો માટે રૂા.૭૧.૨૧ કરોડ, હાઉસિંગમાં રૂા.૨૦.૧૫ કરોડ, શિક્ષણમાં રૂા. ૨.૬૬ કરોડ, ઉપરાંત વાહન-પર્શનલ સહિતના અન્ય હેતુ માટે રૂા.૪૮.૨૬ કરોડ પ્રાયોરીટી સેકટર માટે નકકી કરવામાં આવેલ છે.

જિલ્લામાં તાલુકાવાર ફાળવાયેલી રકમની વિગતો જોઇએ તો નાંદોદ તાલુકામાં રૂા.૫૧૧.૦૭ કરોડ, ગરૂડેશ્વર તાલુકામાં રૂા.૬૨.૦૩ કરોડ, તિલકવાડા તાલુકામાં રૂા.૮૩.૬૬ કરોડ, દેડીયાપાડા તાલુકામાં રૂા.૧૨૭.૦૬ કરોડ અને સાગબારા તાલુકામાં રૂા.૧૨૭.૦૬ કરોડની રકમનો સમાવેશ થાય છે.

લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર ગોવિંદભાઇ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ગત ૨૦૨૦-૨૧ ની સરખામણીએ ચાલુ ૨૦૨૧-૨૨ ના વર્ષના આ ક્રેડીટ પ્લાનમાં ૧૩.૫૭ ટકાની વૃધ્ધિ સાથે રૂા. ૧૦૮.૮૭ કરોડનો વધારો કરાયો છે, તદ્ઉપરાંત ચાલુ વર્ષે સૌ પ્રથમ મત્સ્યોદ્યોગ, પશુપાલન અને મરઘા ઉછેર ક્ષેત્રમાં કે.સી.સી. અન્વયે રૂા. ૯૯.૪૩ કરોડના ધિરાણોની જોગવાઇ કરાઇ છે. બેંક્રોને ફાળવાયેલ ઉક્ત લક્ષ્યાંકસિધ્ધિ માટે જિલ્લાની તમામ બેંક્રોના પૂરતા શહયોગની પ્રજાપતિએ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## નિર્ભયા સ્કવોર્ડની માનવ સેવા

# નિર્ભયા સ્કવોર્ડની બહેનો ગામે-ગામે જઈ જે જરૂરતમંદ લોકોને અનાજ અને ફળનું કીટ



રાજપીપલા, તા ૨

કોરોનાના બીજા વેવ મા નિર્ભયા સ્કવોર્ડ ની કામગીરી પુનઃ સક્રિય થઈ છે. નિરાધાર મહિલાઓ, પીડિત મહિલાઓ, વૃદ્ધ મહિલાઓ ની સમસ્યાનું સમાધાન કરવા નિર્ભયા સ્કવોર્ડ ગામે ગામે ફરી યોગ્ય માર્ગદર્શન આપી માંમહિલાઓને મદદરૂપ થઈ રહી છે તાજેતર મા લાછરસ ગામે વૃદ્ધ મહિલાને નાના દીકરાએ માની મિલ્કત પડાવી લેવાના બહાને ઘરને તાળું મારી કાઢી મુકતા નિર્ભયાસ્કવોર્ડે તાળું તોડી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

હવે માનવ સેવા એ જ પ્રભુ સેવા નર્મદા જિલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા નાયબ પોલીસ અધિક્ષક ચેતના ચૌધરીની સૂચનાથી પી.એસ.આઇ કે. કે .પાઠક ના નેતૃત્વમાં કામ કરી રહેલ નિર્ભયા ટીમનુ એક નવું સ્વરૂપ જોવા મળ્યું છે.હાલમાં કરોના મહામારીના કારણે શાળા કોલેજ બંધ હોવાથી નિર્ભય સ્કવોર્ડે જિલ્લામાં એક નવું અભિયાન ચાલુ કર્યુંછે. નિર્ભયા સ્કવોર્ડ ના દરેક સભ્ય ગામે ગામે જઇ ઘેર ઘેર મુલાકાત લઇ સીનીયર સીટીઝન અને વિધવા મહિલાઓને જે લોકો સરકારી યોજનાથી વંચિત છે એવા લોકોને સરકારી યોજના અપાવા માટે કાર્ય કરી રહી છે.અને જે લોકોને ઘરમાં ખાવાનું નથી એવા વૃદ્ધ અને બે સહારા લોકો ને પડખે નિર્ભયા સ્કવોર્ડ ૨૪ કલાક એમની સેવા માટે તત્પર તૈયાર છે.હાલમા કે કે પાઠકના નેતૃત્વમાં નિર્ભયા સ્કવોર્ડની બહેનો ગામે-ગામે જઈ જે જરૂરતમંદ લોકોને અનાજ અને ફળનું કીટ નું વિતરણ પણ કર્યું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક યુનિર્સિટી સાથે યુનિવર્સિટી ઓફ નેબ્રાસ્કા લીંકને એમઓયુ કર્યા

ગાંધીનગર,તા.૨

અમેરિકાએ જુદા જુદા યુધ્ધ દરમિયાન તેના ગુમ થયેલા મનાતા ૮૧,૮૦૦ સૈનિકોના અવશેષો શોધીને તેમના પરિવારોને પરત સોંપવા માનવતાવાદી મિશન હાથ ધર્યુ છે. જેના ભાગરૂપે ભારતમાં બીજા વિશ્વયુધ્ધ દરમિયાન અમેરિકાના ૪૦૦ સૈનિકો ગુમ થયા હતા. આ સૈનિકોના અવશેષો શોધી, તેની સાયન્ટિફિક ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી સાથે યુનિવર્સિટી ઓફ નેબ્રાસ્કા-લીંકને એમઓયુ કર્યા છે. યુનિવર્સિટીના પાર્ટનર યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની અંડરમાં ડિફેન્સ પ્રિઝનર ઓફ વોર-મિસીંગ ઈન એક્શન એકાઉન્ટીંગ એજન્સી આ કાર્યવાહી કરશે.

પાછલી સદીમાં વર્લ્ડ વોર-૨, કોરિયન વોર, વિયેટનામ વોર, કોલ્ડ વોર, ઈરાક વોર, પર્શિયન ગલ્ફ વોર સહિતના યુધ્ધમાં અમેરિકાના ૮૧,૮૦૦ ડિફેન્સ પર્સોનલ ગુમ છે. તે પૈકી ૪૦૦ જેટલાં સૈનિકો ભારતમાં ગુમ થયા હતા. આ સૈનિકોના અવશેષો શોધવા, તેની ઓળખ કરવી એ મુખ્ય કાર્ય રહેશે. ડીપીએએની ટીમ હાલ કમ્બોડીયા અને ફિલિપાઈન્સમાં છે. જયારે એક મોટી ટીમ ફેબ્રુઆરી-૨૦૨૦થી ૬૦ દિવસના મિશન પર હોનોલુલુમાં હતી.

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ફોરેન્સિક ડેન્ટીસ્ટ ડો.ગાર્ગી જાની આ મિશનના પ્રોજેક્ટ મેનેજર છે. તેમણે કહ્યું કે, એન્થ્રોપોલોજી, ફોરેન્સિક આર્કિયોલોજી અને ફોરેન્સિક ડેન્ટીસ્ટ્રી એમ ત્રણ પ્રકારે શોધખોળ થશે. જે સૈનિકો કે ડિફેન્સ પર્સોનલ ગુમ છે તેમનો ડેટા યુએસની એજન્સી પાસે હોય જ છે. હાડકા, દાંત વગેરે થકી તેની ઓળખ કરવામાં આવશે. આ ઓળખ સાયન્ટિફિક રીતે કરવામાં અમે યુએસ એજન્સીને મદદ કરીશું. નોર્થ-ઈસ્ટના અરૂણાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાં આ સૈનિકો ગયા હોય શકે છે. તેના આધારે સૌપ્રથમ ત્યાં શોધખોળ હાથ ધરીશું.

# અમદાવાદ શહેરમાં હથિયારબંધી

જાહેર શાંતિ અને સલામતી જાળવવા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તાઅરમાં ઉશ્કેદરણીજનક કૃત્યો પર પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરે પ્રતિબંધ ફરમાવ્યો છે.

અઢી ઈંચથી વધારે લાંબા ચપ્પાઉ, શસ્ત્રો , દંડા,તલવાર, સોટી,બંદૂક, ખંજર, લાઠી કે અણીયાળા સાધનો રાખવા પર, પથ્થપરો કે હાનિકારક સ્ફોતટક પદાર્થો લઈ જવા, એકઠા કરવા કે અન્યં પર ફેંકવા, સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની, કોઈપણ વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ સાથે પુતળા દેખાડવાની, છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા તેની નકલો કરીને ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર દ્વારા વસ્તુઓ તૈયાર કરવી, તેનો દેખાડો અને ફેલાવો કરવા પર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી દ્વારા પ્રતિબંધ ફરમાવાયો છે. આ ઉપરાંત અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ કે નીતિનો ભંગ થાય તેમજ રાજયની સલામતી જોખમાય તેવા ચેનચાળા, છટાદાર કે ઉશ્કેણરણીજનક ભાષણો પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યોા છે.

આ હુકમ સરકારી કામગીરી કે ફરજ પર હોય અથવા હથિયાર પરવાનગીધારક કે અધિકારી તેમજ અશક્ત વ્યકક્તિને લાકડી-લાઠી સાથે રાખવી જરૂરી હોય તેમને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ પ્રતિબંધ તા. ૨-૦૬-૨૦૨૧ થી ૧૬-૦૬-૨૦૨૧ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર શિક્ષાપાત્ર કરશે એમ જાહેરનામામાં ફરમાવાયું છે.

# દહેગામ એપીએમસી માર્કેટમાં ભાવ ઓછો મળતા બાજરીની ખરીદી મુદ્દે ખેડૂતોનો હોબાળો

દહેગામ,તા.૨

કોરોના કાળમાં બંધ રહેલ એપીએમસી માર્કેટ ખુલ્યું છે. જેમાં હવે ખરીદી શરૂ થતાં ખેડૂતોને રાહત થઇ છે. પણ દહેગામ એપીએમસી માર્કેટમાં બાજરીની ખરીદી મુદ્દે હોબાળો થયો છે. જેમાં ભાવ ઓછો મળતા ખેડૂતોએ હરાજી બંધ કરાવી છે.દહેગામ એપીએમસી માર્કેટમાં બાજરીની ખરીદી મુદ્દે હોબાળો થયો છે. જેમાં ભાવ ઓછો મળતા ખેડૂતોએ હરાજી બંધ કરાવી છે. તેમજ ૨૨૦ રૂપિયાનો ભાવ મળતા ખેડૂતો રોષે ભરાયા છે. તેથી ખેડૂતોએ માર્કેટયાર્ડના દરવાજે ટ્રેક્ટરની આડશ મૂકી રસ્તા-રોક્યા છે. દહેગામ તાલુકાના ખેડૂતોને પડ્યા પર પાટુ જેવી પરિસ્થિતિ થઇ છે.એક તરફ તાઉ-તે વાવાઝોડાની અસરને પગલે દહેગામ તાલુકાના ખેડૂતોને બાજરી અને જુવારના ઊભા પાકમાં નુકસાની થઈ છે. તેમજ કમોસમી વરસાદને પગલે બાજરી પલળી જવાને લીધે હવે ભાવમાં પણ શકરવાર આવ્યો નથી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.